# મારી અભ્યાસ કથની

ગુજરાતમાં અને ગુજરાતી ભાષામાં નવલકથા સૌથી વધુ વંચાતો અને વેચાતો સાહિત્ય અને પુસ્તક પ્રકાર છે. આ હકીકતનો ઈતિહાસ ઘણો લાંબો છે. નવલકથા દીર્ઘકાળથી લોકપ્રિયતામાં અન્ય સાહિત્ય પ્રકારો કરતાં મોખરાનું સ્થાન ભોગવે છે. કદાચ એના સ્વરૂપમાં અને એની સ્વરૂપગત ક્ષમતામાં એટલો મોટો વ્યાપક અવકાશ છે કે મેઘધનુષ્યમાં તો સાત રંગો જ હોય, અહીં તો જાતજાતના અને ભાતભાતના રંગો અને રસો ઉછાળવાની અને વહાવવાની મોકળાશ રહે છે. નવલકથામાં એટલે જ વાચકને તારોતાર ભીંજાવાની મજા જેવી અને જેટલી આવે છે, એટલી બીજા કોઇ સ્વરૂપમાં આવતી નથી. નવલકથારસની ગંગામાં ન્હાવાનું સૌ કોઇને ભાવતું હોય છે. વ્યાપક વાચક વર્ગ નવલકથાને પસંદ કરતો હોવાથી એ ચાહતનો પુસ્તક પ્રકાશકોએ જેમ વ્યાપક ઉપયોગ કર્યો છે. એમ અખબારોએ પણ એનો ઘણો ઉપયોગ કર્યો છે.

ગુજરાતી પત્રકારત્વ જન્મ્યું અને પ્રારંભે મુંબઇમાં પછી ગુજરાતમાં એણે ભલી ભાત્યે કાઠું કાઢયું. પત્રકારત્વ મુખ્યત્વે બે ફાંટામાં વહેતું રહ્યું. એક તો સાહિત્યિક પત્રકારત્વ. જે પત્રોમાં નિર્ભેળ અને એકમાત્ર સાહિત્ય જ મુખ્ય વિષય રહેતો હોય છે. એ અંગેની કામગીરી સાહિત્યિક પત્રકારત્વ લેખે મુલવાઇ. બીજો ફાંટો તે ઘટના, ખબર, વર્તમાન સમાચાર મૂલક, તેને કંઇ વિશેષણ લગાડીને નથી ઓળખાવતું , પરંતુ પત્રકારત્વ કહેતા રોજબરોજની ઘટનાઓ, દૈનિક બનાવો, જાણવા જેવી અને લોકકૌતુક સંતોષનારી ચીજો અને તેનાં વિશ્લેષણ એ 'પત્રકારત્વ' તરીકે ઓળખાયાં.

સાહિત્ય પત્રોમાં સાહિત્યનાં કાવ્ય, નાટ્ય, નવલિકા, નવલકથા, નિબંધ, લલીત નિબંધ, વિવેચન ઇ. સાહિત્ય પ્રકારો સમાવાય છે. જ્યારે અખબારો કે વર્તમાનપત્રોમાં ચારેકોર બનતી રોજબરોજની ઘટનાઓ, રાજકીય ગતિવિધિઓ, કુદરતી ઘટનાઓ, અજાયબી ભર્યા બનાવો વગેરેની નોંધ લેવાય છે. અને તેના ઉપર ટીકા ટિપ્પણી, તેની અસરો, એ બનાવોનાં વિશ્લેષણો વગેરે સમાવાય છે. એટલે સામાન્ય રીતે અખબારોમાં વિશેષ પૂર્તિઓ કે ખાસ અંકો સિવાય સાહિત્યિક કૃતિઓ પ્રસિદ્ધ કરવાનું પ્રમાણ ઝાઝું નથી. કેટલાંક અખબારો

કાવ્ય કે નવલિકા જેવાં સાહિત્ય સ્વરૂપો પ્રગટ કરે છે. પણ એવાંની સંખ્યા ઘણી જૂજ છે. એટલે સાદું તારણ એટલું કાઢી શકાય કે અખબારો કે વર્તમાનપત્રોમાં સાહિત્યિક કૃતિઓને નિયમિત અને સાર્વત્રિક સ્થાન હોતું નથી.

પરંતુ આ બધામાં નવલકથા અપવાદ છે. ગુજરાતી પત્રકારત્વના ઓગણીસ દાયકાની યાત્રામાં નવકલથાનો દબદબો છેલ્લા આઠ દાયકામાં ભારે રહ્યો છે. ચંદ્રકાંત બક્ષીના મત મુજબ તો ધારાવાહિક નવલકથાના પ્રારંભને ૧૩૪ વર્ષ થાય છે. અખબારોએ, એ સાપ્તાહિક રૂપે જ બહાર પડતાં ત્યારે, પછી દૈનિક થતાં ગયાં ત્યારે અને આજની તારીખે, નવલકથાને પોતાના એક અંગ તરીકે સ્વીકારી છે. સપ્તાહે એકવાર, સપ્તાહે બે વાર, સપ્તાહે ત્રણ કે ચાર વાર અને રોજેરોજ અખબારોમાં નવલકથા પ્રગટ થતી રહી છે. અને આજે પણ થાય છે.

નવલકથા કદમાં લાંબો સાહિત્ય પ્રકાર છે. એટલે અખબારો એક સાથે તો લઘુનવલ હોય તો ય પ્રગટ કરી ન શકે. એટલે એને હપ્તાવાર પ્રગટ કરવાની વ્યવસ્થા ઉભી થઇ છે, જે નવલકથાને 'ધારાવાહિક નવલકથા'ના નામે ઓળખવામાં છે. ક્રમશઃ પ્રગટ થતી હોવાથી આ નવલકથા માટે ધારાવાહિક વિશેષણ પ્રચલિત બન્યું છે. જે હિન્દીની અસર હેઠળ છે. શુદ્ધ ગુજરાતી શબ્દ વાપરવો હોય તો હપ્તાવારી વધુ ઔચિત્યપૂર્ણ લાગે. મને ધારાવાહિક કરતા હપ્તાવારી નવલકથા કહેવું વધુ ગમે, અલબત્ત મેં શીર્ષકમાં પ્રચલિત ધારાવાહિક શબ્દ જ પ્રયોજ્યો છે. જે આગળ પણ શોધ નિબંધમાં એ શબ્દ પ્રયોજાશે.

આ નવલકથા સ્વરૂપ જેને આપણે સાહિત્યિક માપદંડોથી પરંપરાગત રીતે નવકલથા ઠેરવી છે તેનાથી જુદું પડે છે? એ કેવી રીતે પડે છે ? સાહિત્યિક નવલકથાથી એ કેટલે દૂર જાય છે ? કેટલું નજીક ચાલે છે ? કેટલું સમાંતરે છે ? અને કયાં ફંટાય છે. ? એ તપાસવાનો મારો આ અભ્યાસ નિબંધનો ઉપક્રમ છે.

ગુજરાતી અખબારોમાં હપ્તાવારી કે ધારાવાહિક નવલકથાઓ અવિનાભાવે જોડાયેલી રહી હોવાથી સંખ્યાબંધ લેખકોએ ડઝન બંધ આવી નવલકથાઓ લખી છે. તેમાંથી ઘણી પાછળથી પુસ્તકરૂપે પણ આવી છે. તો ઘણી પુસ્તકરૂપે આવ્યા પછી કે લખાઈને પૂર્ણ થયા પછી અખબારમાં ધારાવાહિકરૂપે આવી છે. રમણભાઇ નીલકંઠની 'ભદ્રંભદ્ર' પણ આ પ્રવાહની કૃતિ છે. અહીં આ સ્વરૂપને તપાસવા ગુજરાતી અખબારી નવલકથાઓ જેમણે લખી છે,

જેમની નવલકથાઓ અખબારોમાં - સામયિકોમાં ધારાવાહિકરૂપે પ્રગટ થઈ છે તેવા નવલકથાકારોની અખબારોમાં ધારાવાહીકરૂપે પ્રગટ થયેલી કૃતિઓ તપાસવાનો ઉપક્રમ અહીં રાખ્યો છે. આમાં લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારો, વ્યવસાયી નવલકથાકારો અને નારી સર્જકોની કૃતિઓ તપાસી છે.

આ નવલકથાઓમાં રહસ્ય, જાસુસી, બહાદુરી, પ્રણય સંબંધો, સગપણના તાણાવાણા, સેક્સ, પ્રવાસ એમ વિવિધ વિષયો અલગ અલગ અને એક સાથે પ્રયોજાયા છે. એ બધાની ગુંથણી અને ઉપયોગ કેવી રીતે થયો છે. તે પણ અહીં તપાસવાનો પ્રયાસ કર્યો છે.

કોઈપણ ધારાવાહિક નવલકથા સમયના લાંબાગાળા પર ચાલતી રહે છે. વાચકનું વાંચન એકધાર્યુ નહીં પણ ૨૪ કલાકથી માંડી સાત દિવસ સુધીનાં અંતરાયવાળું બને છે. એટલે લેખક એમાં વિવિધ પ્રપંચો યોજી વાચકને બીજા અઠવાડિયે આવનારા હપ્તાની પ્રતિજ્ઞા કરતો રાખે છે. આ સમય પરનો વિસ્તાર આ કથાને ઉપકારક અને કેવો હાનિકારક બને છે. તે તપાસવાનો મારો ઉપક્રમ રહ્યો છે.

છેલ્લે આ ધારાવાહિક નવલકથા મને નગરવધૂ જેવી લાગી છે. એ ગમે સૌને , એનો સહવાસ કરવા ઈચ્છનારા એને દરજ્જો આપવા તૈયાર ન પણ થાય એ રીતે આ સ્વરૂપ ઉપેક્ષિત છે. એને સાહિત્યની પંગતમાં અને વિવેચનની સંગતમાં સ્થાન મળતું નથી. શું આ યોગ્ય છે ? મેં આનો જવાબ પણ આ અભ્યાસ દ્વારા શોધવાનો પ્રયાસ કર્યો છે.

આ આખા અભ્યાસને મેં માત્ર સાહિત્યલક્ષી અભ્યાસ રાખવા ધાર્યો નથી. અખબારના પ્રવાહે વહેતા આ નવલકથા સ્વરૂપને અખબારી સંદર્ભે પણ મારે જોવી છે. મારો વિષય પત્રકારત્વ અને સાહિત્ય એ બેય કાંઠા વચ્ચે વહેનારો અભ્યાસ પ્રવાહ છે.

મેં આ અભ્યાસક્રમમાં સાહિત્યિક સામયિકો, ચોક્કસ ધોરણની જ (સાહિત્યિક) નવલકથાઓ પ્રગટ કરતાં સામયિકોમાં પ્રગટ થતી કૃતિઓને લીધી જ નથી. એટલા માટે કે એ અખબારી આવશ્યકતાપૂર્તિ માટે લખાયેલી નથી હોતી. લખાયા પછી એ અખબારમાં કે સામયિકમાં પ્રગટ થાય છે. દાખલો આપું તો નવનીત સમર્પણમાં પ્રગટ થયેલી ધ્રુવ ભટ્ટની કૃતિઓ અને અત્યારે પ્રગટ થઇ રહેલી તેમની જ ‘અકૂપાર’ નવલકથા.

મારો અભ્યાસ વિવેચનલક્ષી નથી. અખબારી નવલકથા (ધારાવાહિક)ના રૂપરચના,

સ્વરૂપ-સંરચના તપાસવાનો છે. એની ખામીઓ ખૂબીઓ તાગવાનો છે. એમાં શું છે, જે વાચકને પ્રકરણે-પ્રકરણે વિરામ છતાં છટકવા દેતું નથી ? વાચક લાંબી યાત્રા કરવા કેમ તૈયાર થાય છે ? રસભંગ થાય છે કે રસવિરહ ? શું છે, એ મારા અભ્યાસનાં મુખ્ય બિન્દુ છે.

ગુજરાતી નવલકથાનો ૧૮૬૬ થી આરંભાયેલો આ કથા પ્રવાહ લગભગ દોઢ સદીથી વહી રહ્યો છે. એના ઉપર નજર નાખીએ તો નવલકથામાં આ વર્ષોમાં અનેક ફેરફારો, અનેકરૂપો, અનેક પ્રયોગો, દાખલ થતાં રહ્યાં છે. તત્કાલીન વિચારસરણીઓ, સંજોગો, સ્થિતિ-પરિસ્થિતિઓ, મહાપુરુષો, વૈશ્વિક સાહિત્ય, સાહિત્ય પ્રવાહો એ બધાંનો ગુજરાતી નવલકથા પર પ્રભાવ પડતો રહ્યો છે. એના આધારે એનાં કલેવર બંધાતાં - બદલાતાં રહ્યાં છે. જે પરિબળોએ ગુજરાતી સાહિત્યિક નવલકથાને પ્રભાવિત કરી છે. એ પરિબળોએ અખબારી ધારાવાહિક નવલકથાને અસર કરી છે ? કરી હોય તો કેટલી અને કેવા સ્વરૂપે, એ પણ મારી તપાસમાં આવરી લેવાનો પ્રયાસ કર્યો છે. આ આખા અભ્યાસમાં મને અખબારી ધારાવાહિક નવલકથા વિશે અભ્યાસની વિપુલ તકો અથવા શકયતાઓ છે તે દેખાયું છે એનો અણસાર પણ મેં આલેખ્યો છે.

મુગ્ધાવસ્થા હતી ને, કુતૂહલકાળ હતો ત્યારે ઘરે આવતાં અખબારો ઉથલાવતાં જે ચીજ વાંચવાનું બંધાણ થયું તે ધારાવાહિક નવલકથા હતી. ત્યારે તો અન્ય સમજ ન હતી. પણ એ નવલકથામાં પ્રવેશ્યા પછી અંત સુધી છટકી શકાતું નહીં. બીજા હપ્તા માટે અઠવાડિયું લાંબુ લાગતું. વાંચતાં મજા પડતી, આસપાસના ય બધાં એ ખૂબ વાંચતાં. પછી તો વિનિયનશાખામાં અભ્યાસ કરવાનું થયું. સ્નાતક કક્ષા સુધીમાં ધીરે ધીરે સાહિત્યિક સ્વરૂપો સમજાવા લાગ્યાં. નવલકથાની ઓળખ થઈ. પણ પેલી ખૂબ ગમતી નવલકથા (અશ્વિની ભટ્ટની, હરકિસન મહેતાની, પ્રિયકાંત પરીખની) વિશે કંઈ ન આવતું. એમ જ અનુસ્નાતક અભ્યાસમાં પણ થયું. જો કે લોકપ્રિય નવલકથા વિશે થોડી દૃષ્ટિ બની. પછી જ્યારે પીએચ.ડી.ના શોધનિબંધ માટે વિષય નક્કી કરવાનો થયો ત્યારે મનમાં અખબારી ધારાવાહિક નવલકથા રમતો હતો. વિદ્વાન અને સર્જક એવા મારા માર્ગદર્શક ડો. ભગીરથભાઈ બ્રહ્મભટ્ટ સાથે ચર્ચા કરી, તેમણે મંજૂરી આપી પછી આ અભ્યાસનો આરંભ થયો. તેમના માર્ગદર્શનમાં અભ્યાસનો નકશો બન્યો. તેમના સતત હૂંફભર્યા અને સૂઝભર્યા માર્ગદર્શનથી આ શોધનિબંધ પૂરો થયો. હું આખા અભ્યાસ માટે ઋણી છું.

આ અભ્યાસ શોધનિબંધના આરંભ પછી સ્રીસહજ પ્રણય, લગ્ન, પ્રસૂતિ, બાળ ઉછેર એમ અનેક ટાણાં આવતાં રહ્યાં તેથી ગાળો લંબાતો ગયો. વચ્ચે જાણે બધું સમેટાઈ ગયું, પણ શ્રી ભગીરથભાઈના સતત ઘોંચપરોણાથી અભ્યાસ પૂર્ણ થયો ને આ શોધનિબંધ તૈયાર થયો. આ આખા અભ્યાસકાળમાં મારા પતિ વિમલ સહિત સૌ કુટુંબીજનોનો પુષ્કળ સહયોગ મળ્યો, તે સૌનું સ્મરણ રહેશે.

તા. - હેલી જશવંત રાવલ

આણંદ.